# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૭ • અંક ૭ • સળંગ અંક ૭૮ • મુંબઈ • મે ૨૦૧૩ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## મંડળના કાર્યકાળના ૧૦૧ વર્ષમાં પ્રથમ વખત પ્રાપ્ત થયેલ

## અનન્ય અને અનુમોદનીય બે મહત્તમ માતબર દાન

### રૂા. ૮૦ લાખનું શિક્ષણ સહાયાર્થે દાન

**સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ** (કુંભારીયા પાડો) તરફથી વર્ષ ૧૯૮૦થી કાર્યરત તેમની **ધોરણ ૫ થી ૧૫** (ગ્રેજ્યુએશન) માટે **શિક્ષણ સહાય યોજના** અંતર્ગત પ્રાપ્ત કોરપસ ફંડને **રૂા. એક કરોડનું** થતાં શિક્ષણ ક્ષેત્રે નૂતન ક્ષિતિજના દ્વાર ઊઘડી રહ્યા છે.

### અમેરિકાથી મળેલ રૂા. ૫૪ લાખનું અદ્વિતિય દાન

**સમાજ વિકાસ ફંડમાં** (કોરપસ) અંતર્ગત **શ્રીમતી મીનાબેન તથા શ્રી નીતિનભાઈ જયંતીલાલ ગભરૂચંદ શાહ પરિવાર** (ખેતરવસી – મહાદેવાની શેરી) ચોપાટી-મુંબઈ, શિકાગો-અમેરિકાથી **US$ 1,00,000** ની સખાવત પ્રાપ્ત થઈ છે.

**ઉપર્યુક્ત દાન અન્વયે મંડળની પ્રવૃત્તિઓને વેગ મળશે.**

### હાર્દિક અભિનંદન સહ ધન્યવાદ

વિવિધ દાતા પરિવારોના સહકાર થકી **ચાર વર્ષમાં વિવિધ કોરપસ ફંડમાં રૂા. ૬.૫ કરોડનો વધારો** થતાં મંડળનું કુલ કોરપસ ફંડ **રૂા. ૧૬ કરોડથી વધુ થશે,** અને અનેકવિધ પ્રવૃત્તિઓ અને સહાયની કુલ વાર્ષિક રકમ **રૂા. બે કરોડ પર પહોંચશે.**

NRI PATANIS are requested to read
THE CENTRE PAGES OF THIS ISSUE

## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**
**જય જિનેન્દ્ર !**

જ્ઞાન માટે દાનના આસમાનને આંબતી અદ્દભુત અભિવ્યક્તિ થકી શ્રી પાટણ જૈન મંડળના ૧૦૧ માં વર્ષે સંસ્થાને અદ્વિતિય **રૂા.૮૦ લાખના દાનની** અનુમોદનીય માતબર સખાવત પ્રાપ્ત થયેલ છે.

પાટણના (કુંભારીયા પાડા)ના **સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ**ના ટ્રસ્ટીઓ તથા પરિવારજનો **શ્રી જયંતિલાલ પોપટલાલ શાહ, શ્રી લલીતભાઈ પોપટલાલ શાહ, શ્રી ભરતભાઈ નેમચંદ શાહ, શ્રી બિપીનભાઈ નેમચંદ શાહ, શ્રી મહેશભાઈ કાંતીલાલ શાહ અને શ્રી સમીરભાઈ જયંતિલાલ શાહે** સમાજ તથા સંસ્થા પ્રત્યેની લાગણીથી પ્રેરાઈ તેમની શૈક્ષણિક યોજના અંતર્ગત **સેવંતીલાલ કાંતીલાલ એન્ડ કાું.એ ૮૦ વર્ષ પૂર્ણ કર્યાના સીમાચિહ્ન રૂપે રૂા.૮૦ લાખની માતબર રકમની સખાવત આપેલ છે.** આ મહાનુભાવોની દીર્ઘદૃષ્ટિ, ઉત્કૃષ્ટ વિચારધારા અનન્ય સખાવત થકી સંસ્થાને તેની પ્રવૃત્તિઓ માટે નવું જોમ પ્રાપ્ત થઈ રહ્યું છે અને વિકાસની નૂતન ક્ષિતિજોના દ્વાર ઉઘડી રહ્યા છે.

**સ્વ.શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહે** સંસ્થામાં વર્ષો સુધી વિવિધ હોદ્દાઓ પર રહી અનન્ય સહકાર આપી તન-મન અને ધનથી અદ્વિતિય સેવા આપી છે. સેવા અને સાધનાની જયોતને આજે પણ પ્રજવલિત રાખી, **સ્વ.શ્રી ખેમચંદ છોટાલાલ શાહ, એસ.કે. પરિવાર તથા એસ.કે.ગ્રુપ**ની સંલગ્ન કંપનીઓ વ્યાપારમાં અને શિક્ષણ તથા મેડીકલ સહાય ક્ષેત્રે ગણનાપાત્ર કાર્ય કરી રહી છે. આ જ ટ્રસ્ટ દ્વારા સમાજના અને સંસ્થાના વિદ્યાર્થીઓને કિફાયતી દરે એકસરસાઈઝ નોટબુકોનું વર્ષોથી વિતરણ પણ કરવામાં આવે છે.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા કાર્યાન્વિત **સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટની વર્ષ ૧૯૮૦ થી ધોરણ ૫ થી ૧૫ (ગ્રેજયુએશન)** માટે શિક્ષણ સહાય યોજનાના **કોરપસને વધારી રૂા.૧ કરોડનું કરાતાં** તે અન્વયે અપાતી શૈક્ષણિક સહાય પ્રવૃત્તિઓને અનન્ય વેગ મળશે એટલું જ નહિ વર્ષ દરમ્યાન આ પ્રવૃત્તિ માટે સ્વનિર્ભર થઈ શકાશે. વર્તમાન વિપરિત પરિસ્થિતિમાં વિષય વૈવિધ્ય સાથે કેળવણીનો ફલક અવિરત અને સતત વિસ્તરિત થતો ગયો છે. આધ્યાત્મિક ક્ષેત્રે ચારિત્રનો મૂળ પાયો અને તેનો સિધ્ધાંત જ કેળવણી છે. આર્થિક મર્યાદામાં રહી સમાજમાં મર્યાદા પુરૂષોત્તમ પેદા કરવા ખુબ જ જટીલ અને મુશ્કેલ કાર્ય છે ! સુશિક્ષિત અને કેળવણીબદ્ધ સમાજ, સાધન સંપન્ન તથા શ્રી અને સંપત્તિનો સ્વામી બની શકે !! ઉત્કૃષ્ટ જીવનશૈલી અને ઘડતરનું અનુપાન કરવા શિક્ષણ જ આધારભૂત કાર્યક્ષેત્ર છે. હકારાત્મક અભિગમ, ગહન એષણા અને તનતોડ મહેનત સાથેનું વિદ્યાર્થી જીવન કોઈપણ સમાજ માટે સાફલ્યનું પ્રેરણાબિંદુ બને છે.

કપરા સંજોગોને અનુસરીને **એસ.કે.ગ્રુપ** સંલગ્ન સંસ્થાઓ દ્વારા શૈક્ષણિક તથા મેડીકલ ક્ષેત્રે અદ્વિતિય કાર્યો થઈ રહ્યા છે. આજથી ૨૨ વર્ષો પૂર્વે પાટણ મધ્યે **એસ.કે.બાળમંદિર વાતાનુકુલિત સંકુલ** અસ્તિત્વમાં આવ્યું.

વર્ષ ૧૯૬૨માં શ્રીમતી કાંતાબેન તથા શ્રી સેવંતીભાઈને ત્યાં પુત્રી-ગીતાનો જન્મ થયો અને ત્યાર બાદ એસ.કે. ટ્રસ્ટની સ્થાપના થઈ, જેના દીર્ઘદૃષ્ટા **શ્રી સેવંતીભાઈ**એ એવી પ્રણાલિકા શરૂ કરી કે **એસ.કે.ગ્રુપ** સંલગ્ન દરેક કંપનીઓ દર વર્ષે આવકના અમુક ટકા ટ્રસ્ટમાં આપે, જેને આજે પણ સઘળા ટ્રસ્ટીઓ નૈતિક ફરજ રૂપે અનુસરી રહ્યા છે.

પાટણ મધ્યે **એસ.કે.બ્લડ બેન્ક** પણ કાર્યરત છે. એટલું જ નહિ., **એસ.કે.સ્કુલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ ફોર એમ.બી.એ.** તથા **એસ.કે. કોલેજ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ ફોર બી.બી.એ.** પણ શૈક્ષણિક પ્રવાહમાં અદ્દભુત કાર્ય કરી રહી છે.

મહારાષ્ટ્રમાં મનોર મધ્યે **એસ.કે. ગ્રુપ** દ્વારા **સુમંગલ મેડીકલ સેન્ટર** છેલ્લા ૪૦ વર્ષથી કાર્યરત છે. રોજના સરેરાશ ૨૦૦ દરદીઓ લાભ લઈ રહ્યા છે. આ સંસ્થા અંતર્ગત અત્યાર સુધી મોતીયાના **ડૉ.કુલીન કોઠારી**ને ત્યાં એક હજાર ઉપર ઓપરેશન થયા છે. આઈ કેમ્પસ, મોતીયાના ઓપરેશન, દરદીઓનું ચેક અપ, ચશ્મા વિતરણ, દરદીઓની દર મહિને દંતચિકિત્સા - આ બધી જ સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.

### એક અભિનવ આસ્થાની અનુભૂતિ :

આટલેથી જ ન અટકતા વર્તમાન સંજોગોને અનુલક્ષી સંસ્થાના કાર્યાલયની કાર્યપધ્ધતિનું આધુનિકરણ અને (ટેકનોલોજીકલ) નૂતનીકરણ કરવા માટે **સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ**ના ટ્રસ્ટીઓએ **રૂા.૧૦ લાખના ખર્ચ** ઉપરાંત જરૂર પડયે અન્ય સહકાર આપવાની પણ જાહેરાત કરી છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે પ્રગતિના પગરણને પુષ્ટિ આપવા જો આ દિશામાં નવી ટેકનીકથી આપણે આગળ વધશું તો જ ધારણા મુજબનું ઉત્તમ પરિણામ ચોકકસપણે મેળવી શકીશું અને હકીકતમાં વર્તમાન સમયની જ આ આવશ્યકતા અને જરૂરિયાત છે. **શ્રી પાટણ જૈન મંડળ, સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ**ના ટ્રસ્ટીઓની અણમોલ સહાય અને સખાવતની ભૂરિ ભૂરિ અનુમોદના કરી સાભાર અભિનંદન પાઠવે છે.

### ઋણાનુબંધની સાત્વિકતા :

ઝળહળતી શતાબ્દી વટાવી ચુકેલ સેવા અને સાધનાના સારથિ સમી આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળે આપણાં તેમજ અન્ય સમાજમાં એક અનેરી આભા અને શોભા ઉભી કરી છે. સંસ્થા પ્રત્યેના સમન્વયના સેતુ અને ઋણાનુબંધ હોય તો જ આવી અલૌકિક લાગણી પ્રદર્શિત થઈ શકે.

પાટણ ખેતરવસી મહાદેવાની શેરીના, મુંબઈ ચોપાટી સ્થિત હાલ શિકાગો અમેરિકાથી **શ્રીમતી મીનાબેન અને શ્રી નિતીનભાઈ જયંતિલાલ ગભરૂચંદ શાહ** પરિવાર તરફથી સંસ્થાના સમાજ વિકાસ ફંડ (કોરપસ) અંતર્ગત **US $ ૧,૦૦,૦૦૦** નું (ભારતીય રૂા.૫૪ લાખ) **મહત્તમ અને માતબર દાન એક કલમે જ સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.** છેલ્લા કેટલાક સમયથી **શ્રી નિતીનભાઈ** સાથે અમેરિકા ખાતે મારી સાથે વિચાર વિમર્શ બાદ રૂબરૂ તથા ટેલીફોન દ્વારા ભારતીય અને અમેરિકન કાયદાઓને અનુલક્ષી આવશ્યક તમામ ડોકયુમેન્ટસો અને સંપૂર્ણ વિગતો તથા સંસ્થા વિશેની જરૂરી માહિતી આપણે તેઓશ્રીને પહોંચાડી હતી.

ઝડપથી બદલાતી દુન્યવી પરિસ્થિતિ અંતર્ગત શિક્ષણ તથા મેડીકલના મહત્વથી દાતા પરિવાર સુપેરે પરિચિત છે. સમાજની વિવિધ પ્રવૃત્તિઓથી તેઓ પ્રભાવિત થતાં સમાજ તથા સંસ્થા માટે કંઈક કરી છુટવાની તેમની ભાવનાએ જોર પકડયું જેને તેઓએ જીવંત સ્વરૂપમાં પરિવર્તિત કરી. કથળતી આર્થિક પરિસ્થિતિ અને સંજોગો વચ્ચે આપણો સમાજ જીવનધોરણ સાથે તાલ મેળવી શકે તેવો તેમનો આશય અને ધ્યેય રહ્યો

છે. આ ધ્યેયને પરિપૂર્ણ કરવા તરફનુ તેઓના પરિવારનું આ **નોખુ અને અનોખુ** પગરણ ગણનાપાત્ર પ્રેરણા સાબીત થશે.

**સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ** તથા **શ્રીમતી મીનાબેન નિતીનભાઈ જયંતિલાલ ગભરૂચંદ શાહ પરિવાર** તરફથી પ્રાપ્ત થયેલ આટલી મોટી સખાવત કદાચ **શ્રી પાટણ જૈન મંડળ**ના ઈતિહાસમાં **સર્વપ્રથમ** છે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યોની સરવાણીને સતત વહેતી રાખનાર દાતા પરિવારોને વ્યકિતગત તથા સંસ્થાવતી બિરદાવી હાર્દિક અભિનંદન આપી ભૂરિ ભૂરિ અનુમોદના કરૂ છું.

દાતાઓના અનન્ય સહકારને કારણે છેલ્લા **ચાર વર્ષોમાં શ્રી પાટણ જૈન મંડળના કોરપસ ફંડમાં રૂા.૬.૫૦ કરોડનો** વધારો થતાં કોરપસ ફંડ **રૂા.૧૬ કરોડ** ઉપર પહોંચશે અને વાર્ષિક સહાયની કુલ રકમ **રૂા.૨ કરોડસુધી પહોંચશે.**

**મંડળનું લક્ષ્ય :**

**વર્ષ ૨૦૧૬** સુધીમાં **શ્રી પાટણ જૈન મંડળ**ના કોરપસ ફંડને વધારી **રૂા.૨૫ કરોડ** સુધી લઈ જવી તેમજ તેના વ્યાજ અંતર્ગત અપાતી સહાયની રકમને **રૂા.૩ કરોડ** સુધી પહોંચાડવી. આપ મહાનુભાવોના સતત અને અપેક્ષિત સાથ અને સહકાર થકી જરૂરથી આપણે આ લક્ષ સિધ્ધ કરી શકીશું. આભાર..!

**☐ પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## તંત્રીસ્થાનેથી...

# સ્વ માટે જીવતા આપણે અન્યો માટે ન જીવી શકીએ ?

જીવનમાં માનવીને ધન અને કીર્તિનો મોહ સવિશેષ રહ્યો છે. જેને મેળવવા માણસ મથામણ અને ભાગદોડ કર્યા કરે છે. પરિશ્રમ વગર જેમને આ પ્રાપ્ત થાય છે, તેઓનો અહંકાર આકસ્મિક જ પોષાય છે. પરિણામે તે જ તેમના દુઃખનું અને પતનનું કારણ બને છે. અથાગ પરિશ્રમ અને જહેમત પછી પણ જેમને આ મળતું નથી તેમના જીવનમાં નિરાશા અને હતાશા ઉદ્દભવે છે. વધુ પડતી સુખ સાહ્યબી, ધન, કીર્તિ કે પ્રસિધ્ધિ કોઈને સુખચેનથી રહેવા દેતી નથી.

ધનની પ્રાપ્તિ પછી માનવીને કીર્તિનો મોહ જાગે છે, આ એક એવો નશો છે, જે આદત બની જાય છે. કયાંય અપેક્ષા મુજબનું ઉચીત સ્વાગત કે ઉચ્ચ આસન ન મળે અને આપણાં કરતાં કોઈ આગળ નીકળી ન જાય કે, વધુ માન મેળવી ન જાય તેવી લાગણી પેદા થાય છે. દિલમાં ઘા લાગવા છતાં મનને મારીને કે મનાવીને આપણને તો ખુરશીનો મોહ નથી, માત્ર કામ જ કરવું છે, સેવા કરવી છે, તેવા શબ્દોનો મારો ચલાવે છે. હકીકતમાં તેઓ કામ કરતા નથી અને કરવા દેતા નથી. કેટલાક સેવાની વાત કરી સિફતથી હોદ્દો છીનવી લે છે, તો કેટલાક થોડો આગ્રહ મળે કે સ્ટેજ પર ચઢી બેસે છે અને માઈક મળે કે તેના પર ચીટકી રહે છે. બોલતા આવડે કે ન આવડે ભરડે રાખે છે. પરિણામે વાતનું વતેસર થાય છે.

નાનો એવો હોદ્દો, બિરૂદ કે એવોર્ડ મળે તો માણસ ગામ ગજવી મૂકે છે. સમાજ રત્ન, ધર્મ ઉધ્ધારક કે સમાજ ઉધ્ધારક આવા કહેવાતા માન-ચાંદ માટે કેટલાક લોકો તલપાપડ હોય છે. કેટલીક સંસ્થાઓ આવા માન-સન્માન સમારંભો યોજતી હોય છે. સમાજ ઉધ્ધારકો કે આગેવાન અમીરચંદો પાસે અમુક રકમ લઈ ઈલકાબો કે એવોર્ડોની લહાણી કરતી હોય છે. આવી સસ્તી પ્રસિધ્ધિથી આપવા અને લેવાવાળા બન્નેની ગરિમા જળવાતી નથી.

ધન પ્રાપ્તિ સાથે માનવી વિવેકી, નમ્ર, સાલસ અને હકારાત્મક અભિગમ ધરાવે તો તેની સુવાસ ચોમેર પ્રસરે છે. તેને કોઈ ઢોલ-નગારા વગાડવા પડતા નથી. નિષ્ઠાને કારણે તેમને લોકોની ચાહના અને પ્રેમ બન્ને પ્રાપ્ત થાય છે. અધુરા ઘડાઓ ઘણીવાર વધારે છલકાતા હોય છે. સાચા અને સારા માણસોને છીપના મોતીની જેમ શોધવા પડે છે. પોતાના માટે તો સૌ જીવે, થોડું બીજાના આંસુ લુછવા માટે કરીએ. મોહ, માયા, કીર્તિ, પ્રસિધ્ધિ અને અહંકારનો ભાર ઉતારી હળવા ફુલ જેવા થઈએ. સેવા કરી મેવાની આશા ન રાખીએ. જીવનના આ જ સત્ય અને સત્વ અને તત્ત્વને ઓળખીને આચરણમાં મૂકશું તો જીવન નંદનવન બનશે. અપેક્ષાની સીમાઓ ન લંબાવતા પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત અને સંલગ્ન રહીએ. હરખશોખ ન રાખી ચિંતનશીલ જીવન જીવીએ.

જ્ઞાન, વિજ્ઞાન કે સ્નેહ સંબંધના આપણે પ્રચારક અને પ્રભાવક છીએ. ગાઢ અંધકાર પછી અજવાસનું અવતરણ નિશ્ચિત હોય છે. વ્યવસાયીકરણના યુગમાં સમાજ સેવાનું ક્ષેત્ર કયારેય અલિપ્ત ન રાખી શકાય. પ્રસિધ્ધિની ભૂખ, આર્થિક લાભ ખાટવાની વૃત્તિ અને દંભ પ્રત્યેક ક્ષેત્ર પર હાવી થઈ ગયા છે. જેમાં ધરમૂળથી ફેરફાર આવશ્યક છે. આવા કાર્યમાં આપણી આવડત અને અનુભવ ઉત્કૃષ્ટ ભાગ ભજવી શકે છે.

એક અદ્દભુત અવસરનો ઉલ્લેખ અત્રે જરૂરી સમજુ છુ. વર્ષ ૨૦૧૦ મા ફાઈનાન્સીયલ સર્વિસીસની કંપની ધરાવતા મુંબઈના ગુજરાતી ચેરમેન, પ્રમોટર શ્રી આસિતભાઈ કોટેચાએ પર વર્ષની વયે મુંબઈ યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે રૂા.૩ર કરોડનું ખાનગી દાન આપેલ છે. માટુંગાની પોદાર કોલેજમાં ગ્રેજયુએશન કરનારે આવું માતબર દાન આપ્યું તેની પાછળ કયો અભિગમ કામ કરી ગયો ? ઋણાનુબંધ, લાગણી, પ્રેમ કે ઉપકાર!

ચાલો એક આગવા સોપાન પર વિહરીએ. અપકારનો બદલો ઉપકારથી વાળીએ. 'નેકી કર કુએમેં ડાલ'ની ઉકિતને સિધ્ધ કરવા ભૂલી જઈએ કે આપણે કોઈના પર ઉપકાર કર્યો છે ને કોઈએ આપણા પર અપકાર કર્યો છે. Truth is Stranger than fiction સંસારમાં કેટલીક વ્યકિતઓ જન્મજાત ઝેરના ઘૂંટડા ગળતી રહે છે. આપણું સામાજિક માળખું એવું છે કે, આપણે કોઈના આશ્રિત થઈને રહેતા, કોઈના વાંકે દુઃખી થતાં હોઈએ છીએ. અહીં જ હિંમત, શ્રધ્ધા અને ખુશીના સ્રોતની જરૂરત જણાય છે. જીવન જીવવાની જિજીવિષા All is wellમાં વિશ્વાસ રાખે તે જ જિંદગી સફળ બનાવી શકે. શ્રધ્ધેય હકારાત્મક અભિગમ અપનાવીશું ? અપૂર્વ આનંદ પ્રાપ્ત થશે.

**☐ સંપાદક સમિતિ**

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓના અરજીફોર્મ તથા સહાય મેળવવા માટેની વ્યવસ્થા

ધોરણ ૧ થી કૉલેજ તથા ત્યાર પછીના ડિગ્રી-ડિપ્લોમા અભ્યાસ કોર્સ માટેની શિક્ષણ સહાય, કૉમ્પ્યુટર, પોસ્ટ ગ્રેજ્યુએશન, હાયર ઍજ્યુકેશન, હાયટેક ઍજ્યુકેશન સ્કૉલરશિપ, પરદેશ અભ્યાસ, ટ્યૂટોરીયલ ફી, સી.એ. કોર્સ વગેરે ક્ષેત્રના તમામ અભ્યાસક્રમમાં શિક્ષણ સહાય આપવામાં આવે છે. મકાન ભાડા રાહત, આર્થિક સહાય, સિનીયર સિટીઝન–વૃદ્ધજન સહાય, મેડિકલ ક્ષેત્રે દવાઓ તથા ઈન્વેસ્ટીગેશન નિદાન માટે, કેન્સર, નેત્ર, હાર્ટ સર્જરી, ન્યુરોલોજી, કીડની, ડાયાલીસીસ, ઑર્થોપેડીક સારવાર, મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થકેર, પીડીયાટ્રીક, ડાયાબીટીસ, કાન–નાક–ગળા (ENT), મેડીક્લેઈમ વિગેરે ઉપરાંત મહિલા ઉત્કર્ષ તથા વિકલાંગ ઉત્કર્ષ જેવી દરેક પ્રકારની આર્થિક જરૂરિયાત માટે મંડળ સમાજના કુટુંબોને સહાયક થાય છે. **સહાયની વિગતો ખાનગી રાખવામાં આવે છે, જેથી વિનાસંકોચે લાભ લેવા વિનંતી છે.**

ગૃહઉદ્યોગ, નાના ઉદ્યમો જેવા કે પાપડ, ખાખરા, સાલમપાક, ફરસાણ, ફોલ બીડીંગ, સાડી વેચાણ, ઈમિટેશન જ્વેલરી, સાબુ બનાવવો વગેરે માટે **સમાજ વિકાસ રીપેએબલ યોજના** અનુસાર સરળ હપ્તે પરત કરવાની શરતે વગર વ્યાજની લોન તેમજ **રીવોલ્વીંગ ફંડ (શિક્ષણ)** યોજના હેઠળ અભ્યાસ અર્થે લોન-સ્કૉલરશિપ આપવામાં આવે છે.

સંસ્થાએ સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને, વિદ્યાર્થી ભાઈ-બહેનોને, મેડિકલ તથા શિક્ષણ ક્ષેત્રે વધુમાં વધુ સહાયક થવાની નૂતન યોજનાઓ તૈયાર કરેલ છે. જેનો બહોળા પ્રમાણમાં લાભ લેવાય તે માટે સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી વિગતો સમજી લેવા વિનંતી છે. શિક્ષણ ક્ષેત્રના નૂતન અભિગમ અને ક્રાંતિકારી પરિવર્તનથી દરેક વિદ્યાર્થી ગ્રેજ્યુએટ કે ડિપ્લોમાનો અભ્યાસ પૂર્ણ કરે તે માટેના સંસ્થાના આયોજનોને સાકાર કરવાના મહત્તમ પ્રયાસો કરવામાં આવે છે.

ઉપર દર્શાવ્યા અનુસારની દરેક પ્રકારની આર્થિક સહાય યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા સમાજના જરૂરિયાતવાળા પરિવારોના ભાઈ-બહેનોને તેમના અરજી ફૉર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી **તા. ૩૦-૬-૨૦૧૩ સુધીમાં** મોકલી આપવા અનુરોધ છે.

૧. **શ્રી પાટણ જૈન મંડળ – મુખ્ય કાર્યાલય**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ – ૪૦૦ ૦૨૦.
સમય : ૧૦-૩૦ થી ૧-૩૦, બપોરે ૨-૩૦ થી ૬-૦૦
**ફોન : ૨૨૮૧૧૩૪૬, ૨૨૮૧૧૨૧૮**

૨. **શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય**
રૂપમ, ગ્રાઉન્ડ ફ્લોર, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ-વેસ્ટ, મુંબઈ – ૪૦૦ ૦૬૨.
સમય : ૯-૩૦ થી ૧૨-૩૦, બપોરે ૪-૦૦ થી ૭-૦૦
**ફોન : ૨૮૭૭૬૦૯૦**

૩. **શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય**
બ્લોક નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, એ–૨૩, રતનનગર, ડી. એન. દુબે માર્ગ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૬૮.
સમય : ૯-૩૦ થી ૧૨-૩૦, બપોરે ૩-૩૦ થી ૬-૩૦
**ફોન : ૨૮૯૧૧૩૦૮**

૪. **શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય**
ઠે. શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેર, પાટણ (ઉ. ગુજરાત), પિન–૩૮૪૨૬૫.
**ફોન : ૦૨૭૬૬–૨૨૦૭૧૫**

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનો દ્વિશતાબ્દી વર્ષમાં ગૌરવપૂર્ણ પ્રવેશ**


**પાટણ નગરે ભાભાના પાડા મધ્યે**

**વિમલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી પ્રધુમ્નવિમલસૂરીશ્વરજી મ.સા.ના**

**ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધારવા સમસ્ત શ્રી સંઘને સ્નેહ સભર નિમંત્રણ**

**પ્રવેશ શુભ દિવસ : અષાઢ સુદ ૬ રવિવાર, તા. ૧૪-૦૭-૨૦૧૩ સવારે ૮-૦૦ કલાકે**

**: પુજ્યશ્રીનું સામૈયું :**

**બેડાવાળી પાઠશાળાની બાલિકાઓ, ઘોડા, બગી, બેન્ડ વાજા સહિત ભવ્યાતિભવ્ય સામૈયું**

**સવારે ૭–૦૦ કલાકે ભાભાના પાડેથી વાજતે–ગાજતે વરઘોડો પૂજ્યશ્રીને લેવા સાગરના ઉપાશ્રયે જશે, ત્યાર બાદ સવારે ૮–૦૦ કલાકે ભાભાના પાડાના ઉપાશ્રયે પૂજ્યશ્રીનો પ્રવેશ થશે.**

**પધારો મોંઘેરા મહેમાન, બનો ભક્તિમાં તાન, વધારો શાસન કેરી શાન**

**નિમંત્રક : શ્રી ભાભા પાર્શ્વનાથ જૈન દેરાસર તથા વિમલગચ્છ આરાધક ટ્રસ્ટ**

Advt

## એપ્રિલ માસના સાભાર-સ્વીકારનો ભૂલસુધાર

**● શિક્ષણ સહાય કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (વખતજીની શેરી)
શ્રીમતી તારાબેન મુલચંદ **મોકમચંદ** શાહની સ્મૃતિમાં (નાનીમા)

**● શિક્ષણ-મેડિકલ અને સીનીયર સીટીઝન કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ (રાજુલાવાલા) (વખતજીની શેરી)
શ્રીમતી સુશીલાબેન રમેશચંદ્ર ચીમનલાલ શાહ (રાજુલાવાલા)ના ૮૦મા જન્મદિવસની ખુશાલી નિમિત્તે
**હસ્તે : કુ. ખુશ્બુ અને કુ. ચાંદની**
૩૫૦૦૦ મેડીકલ સહાય, ૩૫૦૦૦ શિક્ષણ સહાય
૩૦૦૦૦ વૃદ્ધજન સહાય

**● શિક્ષણ તથા મેડીકલ કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી લલીતાબેન શાંતીલાલ મોહનલાલ શાહની સ્મૃતિમાં (કલકત્તા-ભાભાનો પાડો)
**હસ્તે : શ્રી દીપકભાઈ, શ્રી ગૌતમભાઈ, શ્રીમતી રેણુકાબેન તથા શ્રીમતી દિપીકાબેન**

**● સીનીયર સીટીઝન કોરપસ ફંડ**

૫૦,૦૦૦/- શ્રીમતી પ્રભાબેન રસિકલાલ શાહ (લખીયારવાડો)ના સ્મરણાર્થે
હસ્તે : શ્રીમતી જીજ્ઞાબેન મુકેશભાઈ શાહ તથા કુ. સોનમ મુકેશભાઈ શાહ

## વણજન્મ્યા કાવ્યો

*વહેતા ઝરણા, ઘાયલ હરણા, તૂટેલા તરણા દેખાય છે,*
*વિખુટા પડેલ એ વ્હાલ સાથે શૈશવની સ્મૃતિ સમેટાય છે,*
*ઘટેલી ઘટનાઓના સ્પંદનો હૈયાના સાદમાં ધબકાય છે,*
*તરડાઈ હાંફ્યા પ્રતિબિંબો, બુધ્ધિ નહીં લાગણીથી જીવાય છે !*

*સમર્પણ ઉંડા અંધકારથી પ્રકાશમાં જવાની અભિપ્સા છે,*
*માનવી બધા ધરા ઉપર માત્ર કાચી માટીના કોડીયા જ છે,*
*આત્મસમર્પણ - સ્તુતિ અને અંતરનું સ્વાર્થહિન જોડાણ છે,*
*માટે જ કદાચ આજે જિંદગી જીવાય છે અને જીરવાય છે !*

*કોઈક અણસારથી છતાં, જિંદગી અનિમેષ સહેવાય છે,*
*ઝાંકળ બિંદુઓની વૈજયંતિમાળા યેનકેન પરોવાય છે,*
*સંબંધ તણા શિખરોને ખીણ જોઈ હૈયું વહી વહેરાય છે,*
*સંવેદના સાથેના વણજન્મ્યા કાવ્યો અહીં મૌનમાં દટાય છે !*

**મ.ને.**

**● મેડીકલ સહાય કોરપસ ફંડ :**

૨૫,૦૦૦/- કુ. રીયોના રોમીલકુમાર દીપકભાઈશાહ - મંડળની શતાબ્દી પૂર્ણ થયાની ખુશાલીમાં
હસ્તે : શ્રી દીપકભાઈ પ્રેમચંદ શાહ (ઢંઢેરવાડો)

**● શિક્ષણ સહાય કોરપસ ફંડ :**

૨૫,૦૦૦/- શ્રી દીપકભાઈ પ્રેમચંદ શાહના જન્મ દિવસ નિમિત્તે ( ઢંઢેરવાડો )
હસ્તે : શ્રી રોમીલભાઈ દીપકભાઈ પ્રેમચંદ શાહ

---

### પાટણ નગરે ભાભાના પાડા મધ્યે

**વિમલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં**

## શ્રી નમીઉપાર્શ્વનાથ તપની આરાધના કરવા પધારવા ભાવભર્યું નિમંત્રણ

**તપ પ્રારંભ : ૨૧-૦૭-૨૦૧૩ ● પારણા : ૩૦-૦૮-૨૦૧૩**

**આ તપમાં એક ઉપવાસ પર એક બેસણું, તપ દરમ્યાન કુલ ૩ છઠ્ઠ, ૧૬ ઉપવાસ, તથા ૧૮ બેસણા કરવાના રહેશે.**

- આરાધકોએ તા. ૨૦-૦૭-૨૦૧૩ પહેલાં પાટણ પહોંચવાનું રહેશે.
- તપ કરવા પધારનારે આવવા-જવાની તેમજ રહેવાની વ્યવસ્થા વ્યક્તિગત રીતે કરવાની રહેશે.
- અત્તરવાયણા, બન્ને ટાઈમના બેસણા તથા તપના પારણા શ્રી સંઘ તરફથી કરાવાશે.

**આવો પાટણવાસીઓ, તપ આરાધના દ્વારા પ્રભુ ભક્તિધારામાં ભીંજાઈ જઈએ.**

વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : શ્રી અજય જે. શાહ - ૯૮૨૧૦ ૧૧૦૩૬ ● શ્રી અશ્વિન કે. શાહ - ૯૮૨૦૦ ૪૬૭૩૩.

જાXખ

## વ્યક્તિ વિશેષ : સ્મૃતિ સરિતાને તીરે...

# શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ

*જેમના થકી સંસ્થાનો ઈતિહાસ ઉજ્જવળ બન્યો છે, એવા વ્યવહાર કુશળ દીર્ઘદષ્ટાના જીવન કવનમાં એક નજર કરીએ. તેમણે કરેલ અદ્‌ભુત કાર્યોનો વિચાર કરશું તો પ્રગતિના મૂળમાં રહેલ તથ્ય અને સત્યને પામી, તેમની મહાનતાને જાણી શકીશું. ગત શતાબ્દી દરમ્યાન સંસ્થાના ઉત્થાન અને પ્રગતિમાં સહાયભુત થનાર મહાનુભાવોના વ્યકિતત્વનું નિરૂપણ સમયાંતરે આ કોલમ અંતર્ગત આપણે કરીશું.*



કર્તવ્ય સાધનાના ઉપાસક સાધનસિધ્ધ **સ્વ.શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહે** (કુંભારીયા પાડો) યુવા વયમાં જ અપૂર્વ કીર્તિ, અપાર ધન અને અજોડ પ્રતિષ્ઠા સંપાદન કર્યા હતા. સિધ્ધાંતવાદી અને દીર્ઘદ્રષ્ટા રિધ્ધિ સિધ્ધિના સ્વામી હોવા છતાં માનવતાના અનુકરણીય આદર્શ ને જીવનનું ઉમદા દૃષ્ટિબિંદુ બનાવ્યું હતું. સ્વભાવ-સૌન્દર્ય જીવનનું અનેરૂ પાસુ હોવા છતાં જીવન કર્તવ્યને તેઓ સવિશેષ મહત્વ આપતા.

ઈ.સ. ૧૯૧૪ માં નવેમ્બર માસની ૧૪ મી તારીખે આ ધરા પર અવતરનાર સજજન શ્રી સેવંતીભાઈએ યુવાનીના પ્રારંભથી જ પ્રબળ પુરુષાર્થ આદર્યો હતો. વર્ષ ૨૦૧૪ તેમના જન્મનું શતાબ્દી વર્ષ હશે. વર્ષ ૧૯૩૨ માં માત્ર ૧૮ વર્ષની વયે કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસકાળ દરમ્યાન તેમણે **'સેવંતીલાલ કાંતીલાલ એન્ડ કાું.'** ની સ્થાપના કરી. ભરપૂર સાહસવૃત્તિ તેમની રગેરગમાં સળવળતી હતી. અનન્ય સંન્નિષ્ટતા સાથે કંઈક નવું કરવાની, ધગશ અને સિધ્ધિના નીતનવા શિખરો સર કરવાની ખેવના થકી તેઓએ સખત અને સતત પરિશ્રમ આદર્યો. ત્યાગભાવના અને સત્યનિષ્ઠ પારદર્શક કાર્યપધ્ધતિ થકી **મે. સેવંતીલાલ કાંતીલાલ એન્ડ કાું.** ને તેમના ફાર્માસ્યુટીકલ વ્યવસાયમાં ચાલી રહેલ હરીફાઈની ટકકર ઝીલી સધ્ધર અને નક્કર વ્યાપારિક પાયા ઉપર પ્રસ્થાપિત કરી.

**મે. સેવંતીલાલ કાંતીલાલ એન્ડ કાું.** ઉપરાંત એમની કારકીર્દિને ઉજ્જવળ બનાવતી ઉત્કૃષ્ટ પ્રતિભા તેઓ ધરાવતા. હકીકતમાં **ડુફાર ઈન્ટરફાન લિ.** ના તેઓ આદ્યસ્થાપક હતા અને **ફ્રાંકો ઈન્ડીયન ફાર્માસ્યુટીકલ્સ**માં તેઓ ડાયરેકટર હતા. અનેક ઔધોગિક અને સામાજિક સંસ્થાઓ સાથે તેઓશ્રી સક્રિયપણે સંકળાયેલા હતા.

જિંદગીમાં પ્રમાણિકતાના માર્ગથી તેઓ કયારેય વિચલિત થયા ન હતા. પરિપક્વ અવસ્થાએ પણ તેઓ એક તરવરિયા ઉન્મત્ત યુવાન જેવી શક્તિ ધરાવતા. **સ્વ. શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ**ના ત્રણ ભાઈઓ **શ્રી પોપટલાલ ખેમચંદ શાહ, શ્રી કાંતીલાલ ખેમચંદ શાહ તથા શ્રી નેમચંદ ખેમચંદ શાહ** હતા. શ્રી સેવંતીભાઈના લગ્ન બાબુ સાહેબ દોલતચંદજી અમીચંદજીના સુપુત્રી **કાંતાબેન (હેમીબેન)** સાથે થયા હતા. તેઓની એક પુત્રી નામે **ગીતાબેન** હતા. તેઓ **શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ** (અમદાવાદ)ને પરણ્યા હતા. વર્ષ ૧૯૬૨ માં **શ્રીમતી કાંતાબેન** તથા **શ્રી સેવંતીભાઈ**ને ત્યાં જીવનમાં લક્ષ્મીજી (પુત્રી) **ગીતા**નું આગમન થયું અને **સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ**ની સ્થાપવાની સ્ફુરણા થઈ. **શ્રી સેવંતીભાઈ**ના ભાઈઓના પરિવારના સભ્યો હાલમાં **એસ.કે. ગ્રુપ**ની વિવિધ કંપનીઓમાં ડાયરેકટરો છે.

વર્ષ ૧૯૬૪ માં ફાર્માસ્યુટીકલમાં ઉપયોગી એવા ફાઈન કેમીકલનું **એસ.કે.ફાઈન કેમીકલ્સ**ના નેજા હેઠળ વ્યાપારિક ઉત્પાદન શરૂ કર્યુ. પરદેશથી મંગાવવા પડતા આવા કેમીકલ્સ ઘર આંગણે બનાવી લાખો રૂપિયાનું **વિદેશી હુંડિયામણ બચાવી** દેશપ્રેમનો અનન્ય પરિચય આપ્યો હતો. વર્ષ ૧૯૭૬-૭૭ ના સમયગાળા દરમ્યાન અનેક નાનીમોટી સખાવત ઉપરાંત એસ.કે.ગ્રુપ અને પરિવારે **ગુજરાત કેન્સર સોસાયટી** અમદાવાદને **કેન્સરના નિદાન** માટે રૂા.૩,૬૫,૦૦૦/- નું માતબર દાન કર્યુ હતું. પાટણ મધ્યે **સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ** કેન્સર ડીટેકશન સેન્ટર સ્થાપવા એસ.કે. ગ્રુપે દાનગંગાનો અપૂર્વ પ્રવાહ વહાવ્યો હતો અને સ્વભાવની સુમધુરતા, સંસ્કારની સજજનતા અને સૌજન્યની સરળતાના ત્રિવેણી સંગમથી સમસ્ત પરિવાર ચહેકી અને મહેકી રહ્યો છે. આ તો માત્ર એક લહેરખી જ દર્શાવી છે. આવી તો કેટલીય અગણિત સખાવતોની વણઝાર તેઓએ ખડકી દીધી છે જેમાં ઉત્તરોત્તર અસીમ વધારો કરતાં જ રહ્યા છે. **શ્રી પાટણ જૈન મંડળ, સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ**, તેની જુથ કંપનીઓ તથા પરિવારનો હાર્દિક આભાર માની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

ભારતની આર્થિક રાજધાની મુંબઈના **કેમીસ્ટ અને ડ્રગીસ્ટ એસોશીએશન**ના અધ્યક્ષ પદે રહી **સ્વ. સેવંતીભાઈ**એ અનન્ય સેવા આપી હતી. વર્ષ ૧૯૭૨ માં તેઓશ્રી **ઓલ ઈન્ડીયા કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ ફેડરેશનના ઉપાધ્યક્ષ** નિમાયા હતા. લાયન્સ કલબની કાર્યવાહક સમિતિમાં સક્રિય કાર્યકર રહી ચુકેલા શ્રી સેવંતીભાઈને મહારાષ્ટ્ર સરકારે **જસ્ટીસ ઓફ પીસ** તરીકે પણ નવાજયા હતા.

સંકલ્પ અને સિધ્ધાંતના રસ્તે સદૈવ પ્રગતિ અને પ્રયાણ કરનાર શ્રી સેવંતીભાઈ સંજોગ અને સમય સાથે ઝુઝવાની અને ઝઝુમવાની અનન્ય શકિત ધરાવતા. કર્મ એ જ તેમનો જીવનધર્મ હતો. તેઓ કહેતા કે નાનું લાગતું સહિયારું યોગદાન પણ ચમત્કારિક પરિણામ સર્જી શકે છે. સખત મહેનતનો કોઈ પર્યાય નથી!

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય** તથા **શ્રી ભારતીય આરોગ્ય નિધિ** સાથે તેઓ ઉચ્ચ હોદ્દા ઉપર રહી સક્રિયપણે જોડાયેલા હતા. તેઓની સખાવતોનો લાભ **શ્રી પાટણ પાંજરાપોળ, શ્રી પોપટલાલ ભીખાચંદ જનતા હોસ્પીટલ, શ્રી ઉત્તર ગુજરાત એજ્યુકેશન સોસાયટી, શ્રી પાટણ જૈન પંચાયત ફંડ, ગુજરાત કેન્સર સોસાયટી તથા અન્ય અનેક સામાજિક અને રાષ્ટ્રીય સંસ્થાઓને વ્યાપક**

**રીતે મળેલ છે.**

પૂજ્ય વડીલ **શ્રી સેવંતીભાઈ** શ્રી પાટણ જૈન મંડળ તથા સમાજ વિકાસની અનેકવિધ પ્રવૃત્તિમાં અનન્ય રસ ધરાવતા. સદૈવ પ્રગતિ વાંચ્છુક આ મહાનુભાવની અનન્ય વ્યવહાર દક્ષતા, કાર્યકુશળતા અને દીર્ઘદૃષ્ટિ થકી પાટણ સમાજ તેમ જ અન્ય સમાજોએ વ્યવહારિક અને આર્થિક સિધ્ધિઓના શિખરો સર કર્યા છે. જુની તથા નવી પેઢીના અનુભવો અને વિચારોનું મુલ્યાંકન કરી તેઓએ સભ્યોનો અખૂટ અને અતૂટ વિશ્વાસ સંપાદન કર્યો હતો. સંસ્થા અને સમાજની પ્રગતિ માટે તેઓ સદૈવ વિચારશીલ અને કાર્યરત રહેતા. વર્ષ ૧૯૬૪ થી વર્ષ ૧૯૭૯ સુધીના ૨૫ વર્ષના સમયગાળા દરમ્યાન તેઓએ **શ્રી પાટણ જૈન મંડળના ૧૯૭૬-૭૭, ૧૯૭૭-૭૮ તથા ૧૯૭૮-૭૯ ના વર્ષ માટે પ્રમુખપદ શોભાવી કોષાધ્યક્ષ, ઉપપ્રમુખ, ટ્રસ્ટી અને વ્યવસ્થાપક સમિતિના અદના સભ્ય તરીકે દીર્ઘ સમય સુધી જવાબદારી અને સફળતાપૂર્વક વહીવટ, સંચાલન અને સમાજ વિકાસની પ્રવૃત્તિઓમાં કાર્યદક્ષતા દાખવી અણમોલ સેવા આપી હતી.** ભવિષ્યની જરૂરિયાતો અને આવશ્યકતાઓને સમજી, વિચારી સમાજના સર્વજન હિતાય હકારાત્મક અભિગમ દર્શાવી તે દિશામાં કાર્ય કરતાં અને કાર્ય કરવાની અન્યોને પ્રેરણા આપતા. સરસ્વતી માટે લક્ષ્મીનો સદુપયોગ નિર્વિવાદપણે તેમના પરિવારનો જીવનમંત્ર રહેલ છે.

તેઓશ્રીના માર્ગદર્શન, પ્રગતિવાંચ્છુ હકારાત્મક અભિગમ નીતરતી કરૂણા અને પારદર્શક વ્યકિતત્વ થકી સંબંધોની સરિતાને તેઓએ સતત વહેતી રાખી પ્રત્યેક સ્તરે સંબંધો બાંધ્યા, સિંચ્યા અને જીવનભર સાચવ્યા. સેવા અને સાધનાથી સમૃધ્ધ અને સભર જીવન જીવતા અદ્દભુત ચૈતન્યના ચાહક અને વાહક સજજન **શ્રી સેવંતીભાઈ ખેમચંદ શાહ**નું તા.૧૫-૦૪-૧૯૭૯ ના રોજ મુંબઈ મધ્યે દુઃખદ અવસાન થયું. સંસ્થા આજે આ વિરલ વ્યકિત-વિભૂતિને યાદ કરી સંવેદના અને સન્માનપૂર્વક શ્રધ્ધા સુમન અર્પણ કરે છે.

**(યોગાનુયોગ આ લખાણ લખાઈ રહ્યું છે ત્યારે જ શ્રી પાટણ જૈન મંડળના ૧૦૧ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વાર રૂા.૮૦ લાખનું અધધ અપૂર્વ અને અનુમોદનીય દાન સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ દ્વારા સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત સંસ્થાની કાર્યવાહીના આધુનિકરણ તથા ટેકનીકલ, નૂતનીકરણ માટે પણ એસ.કે.ગ્રુપના ડાયરેકટરોએ રૂા.૧૦ લાખ આપવાનું જાહેર કર્યુ છે અને તે માટે સંપૂર્ણ સહકાર આપવાની મહેચ્છા દર્શાવી છે. પૂર્વે મળેલ દાન સાથે કુલ શૈક્ષણિક સહાયાર્થે તેઓનું દાન રૂપિયા એક કરોડને આંબી જાય છે.)**

✶ ✶ ✶

## The Ancient Olympic Games

*As the chattering crowds dies down*
*I entered the boy's foot race.*
*Nervous feeling spun through mygead*
*Dust blew up on my face.*

*I was naked when I was boxing,*
*Don't tell anyone I cheated*
*Sharp spikes in my wristbands*
*My opponent was defeated !*

*Cleattering hooves, chariots crashing*
*Blurred by sunlight*
*Blood covered bodies,*
*A horrifying sight!*

*Poised in readiness javelin in hand*
*Listening to the sound,*
*As my heart beat accelerated*
*As the javelins hit the ground*

*Soon after was the discuss throwing*
*They were eound and made of clay*
*The heavy circles were thrown about*
*Who will throw it furthest today?*

*Yes, yes, yes, I've won*
*Now I'm getting the wreath*
*From I'm getting the wreath*
*From the scared olive tree*
*And made on the olive tree leaves.*

❑ **Reva Dr. Rahul Chodhari**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** દાતાનો ફોટો મૂકાશે

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/- તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**ભોજનશાળા નિભાવ ખર્ચમાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન રૂપિયા ૮,૫૦,૦૦૦ના તોટાને સરભર કરવા લાભાર્થી શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ પરિવાર તરફથી રૂપિયા ૪,૨૫,૦૦૦ તથા શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવારે રૂપિયા ૪,૨૫,૦૦૦નું દાન આપેલ છે. તદુપરાંત નવકારશી ફંડના કોરપસમાં રૂપિયા ૯,૦૦,૦૦૦ શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ પરિવારે સખાવત કરેલ છે. સંસ્થા ઉપરોક્ત દાતાઓની દીર્ઘદષ્ટિ અને સખાવત બદલ ભૂરિ ભૂરિ અનુમોદના સહ આભારની લાગણી વ્યક્ત કરે છે.**

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શહ (મે. પ્રવીણ ચંદ્ર એન્ડ કાં.), મુંબઈ** ●

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

ADVT

## An appeal letter to join an innovative program

**Dear NRI- Patani,**

I write to you with a program very close to my heart- **Higher Education for Indian Patani students in USA.** Over the last 40 years, many of Patanis like you have migrated to the US for education and jobs. A majority of you have gone on to create a happy and successful life for yourself in the USA. I feel confident in saying you understand the value of education and the benefits and opportunities a degree from a US university provides. Many of you have expressed interest in helping our younger generation, get similar opportunities to become successful in their life.

In view of the above, PJM has developed a program to help sponsor young Patanis interested in higher studies in the USA. On adjoining page an **Overview of PJM'S " Sarvottam Sikshan Sahay in USA" Program** is provided for your perusal.

I humbly request you to consider this opportunity to give back to the Patani community by joining the **program.** I would urge you to let us know of your interest at the earliest convenience. Success of this **program** depends on getting a critical mass signed up.

If you have questions on the **program** or suggestions to improve it, please feel free to reach out to me at anytime via Email or Cell Phone.

Assuring you of our best attention at all times.

Best regards,

**Dinesh R Shah**

**President and Managing Trustee**

**Shree Patan Jain Mandal**

**Email:** dineshrshah29@gmail.com

**Cell Phone: 91-9820493906**

# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. **Tele. 22817444 / 22815290**

E-mail : patanbank@yahoo.co.in ● **Telefax : 22816513**

**Profit (Audited) Rs. 173.49 lacs (as on 31/03/2012)**

WE OFFER

- Rate of Interest on c/c facility from 13% p.a. to 14.50% based on credit rating.
- Gold Loan-12.00% p.a.
- View facility for a/c transcations on web site.
- SMS-banking facility
- Personalised cheque books
- L/c-Discounting
- Housing & Vehicle Loan
- Net-NPA - `Zero'
- No TDS on members deposits
- RTGS & NEFT- Facility
- Term Loan up to Rs. 50 lakhs to Rs. 1 crore on office place or plant & machineryavailable @12.5 %

Advt

**KYC બધી જ બેંકો માટે ફરજિયાત છે. ઘણા ખાતેદારોએ હજુ સુધી KYCની જરૂરિયાતના પેપર્સ આપેલ નથી. તા. ૧૫-૬-૨૦૧૩ પહેલાં પેપર્સ નહીં મોકલાવ્યા હોય તે ખાતેદારોના ખાતામાં રકમ જમા થઈ શકશે, પણ ઉપાડી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.**

# Overview of PJM's ``Sarvottam Shikshan Sahay in USA'' Program

**Interest Free repayable Financial Assistance in US Dollars for higher Education From NRI Patanis (Sponsor-Mentors) staying in USA**

**Purpose :To provide Students (PJM Members) from India, with interest free Financial Assistance in Dollars for pursuing Higher/further studies in USA.**

**A. Prior Commitment cum Assurance to be given by 'Sponsor-Mentor' to PJM**

NRI Patani residing in USA who is desirous of providing Financial Assistance (Mentor) to recipient Students shall give his commitment in writing to the PJM for providing such interest free repayable Financial Assistance in U.S. Dollars to be provided to Student/s (PJM member/s ) who has/ have already secured an admission or applied to a University/ Institution in USA for higher/ further studies and are likely to secure the admission.

**B Financial dealings directly between the 'Sponsor- Mentors' and the students:**

The amount of Financial Assistance so to be provided to each student may be up to US$ 20,000 per student and shall be paid directly by such 'Sponsor- Mentor' to the Student or to the University/ Educational Institution on behalf of the said Student whose loan is sanctioned and approved by Education committee of PJM- Mumbai.
The amount so advanced by the 'Sponsor- mentor', shall be repaid in dollars by the student to the said 'Sponsor- Mentor' directly within 2 to 3 years after completing his / her studies and/or immediatly after getting the job, in monthly installments to be decided mutually by the 'Sponsor- Mentor' and the Said Student.

**C PJM Mumbai will act as a facilitator between the 'Sponsor- Mentor' and the student**

PJM Shall obtain written Commitment / Assurance from atleast 5 to 10 Sponsor- Mentors' for providing Financial Assistance as afore mentioned in USA to the Patani Students from India.

**D. Selection of the deserving Students by PJM:**

The Application of Student/s, desirous of availing such Financial Assistance shall be received and evaluated by PJM through its Education Committee and after such evaluation, if deemed appropriate PJM shall recommend the name of such student to one of the listed ' Sponsor- Mentors', for availing the Financial Assistance.

**E. Joint monitoring of the student's progress:**

PJM and ' Sponsor- Mentor' shall jointly monitor the over -all progress and academic development of the benefiting Student through regular reports and follow- ups with the student and his parents/ guardian in India.Presonal guarantee of students and parents may be obtained for repayment of the loan.

**F. Actual Scenario :**

- Each ' Sponsor- Mentor' may have to mentor from one up to five students at a time.
- Each student will be associated with only one ' Sponsor- Mentor'
- PJM as facilitator will be associated with 5 or more ' Sponsor- Mentors' and 25 to 30 students.

**G. Recognition of the ' Sponsor- Mentor' :**

The Names of the ' Sponsor- Mentors' who provide Financial Assistance under the present program shall be published periodically in PJM'S monthly Publication "PRATIBIMB".

**H. Minimum fund requirement :**

